
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તને પેટ્રોલ પોસાતું નથી એ બરાબર પણ, તારી કુંડળીમાં વર્ક ફ્રોમ હોમનાં કોઈ યોગ બનતા નથી...!!

# પાટનગર યોજના ભવન પાસે ઉભરાતી ગટરથી જાહેર આરોગ્યને જોખમ..!!

**ઘણા સમયથી ઉભરાતી ગટરના કારણે પાર્કિંગ લોટમાં દૂષિત પાણીના ભરાવા સાથે અસંખ્ય મચ્છરોનો ઉપદ્રવ : ઈલેક્ટ્રિકલ વિભાગ અને વન વિભાગની કચેરીમાં જવાનો રસ્તો હોવા સાથે બાજુમાં બેંક અને ખાણી-પીણીનું બજાર**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં એક તરફ ડેન્ગ્યુ-મેલેરિયા-ચિકનગુનિયા જેવી વાઈરલ બિમારીઓનું જોર વધી રહ્યું છે અને બીજી તરફ શહેરમાં જાહેર સ્થળોએ પણ સ્વચ્છતાનો અભાવ ઉડીને આંખે વળગે તેવો છે. શહેરના હાર્દસમા સેક્ટર-૧૬ના કોમર્શિયલ વિસ્તારમાં પાટનગર યોજના ભવનની આગળ જ ઘણા સમયથી ઉભરાતી ગટરને કારણે અસહ્ય ગંદકી ફેલાઈ રહી છે તેમજ ગટરના દૂષિત પાણીનો પાર્કિંગમાં ભરાવો થવાને કારણે ત્યાં દુર્ગંધ સાથે મચ્છરોની ઉત્પત્તિ પણ વધી જવા પામી છે. જે જાહેર આરોગ્ય માટે જોખમરૂપ બની રહી છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વચ્છતા અભિયાનના તેમના જ ગૃહ રાજ્યના આદર્શ પાટનગરમાં લીરેલીરાં ઉડી રહ્યાં છે. ઘ-૪ બેંકિંગ વિસ્તારમાં જ્યાં બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ કેન્દ્ર છે તેની બાજુમાં પાટનગર યોજના ભવનના ઈલેક્ટ્રીકલ વિભાગ તેમજ વન વિભાગની કચેરીઓમાં જવા માટેના પ્રવેશ સ્થળે જ ઘણા સમયથી એક ગટર ઉભરાઈ રહી છે. આ ગટર ઉભરાવાના કારણે પાર્કિંગ લોટમાં દુર્ગંધ સાથેના દૂષિત પાણીનો ભરાવો થવા પામ્યો છે અને તેમાં અસંખ્ય મચ્છરોની ઉત્પત્તિ સ્પષ્ટ દેખાય છે. આ કારણે અંહી દુકાનો ધરાવતા વેપારીઓ તથા બેંકમાં અને પાટનગર યોજના ભવનમાં કામકાજ અર્થે આવતાં મુલાકાતીઓ પણ ત્રાહિમામ્ પોકારી રહ્યાં છે. અહીં દૂષિત પાણીના ભરાવાને કારણે લીલ જામી ગઈ છે અને પાર્કિંગ લોટમાં જવાનો રસ્તો પણ બંધ થઈ ગયો છે. આ સ્થળની નજીક જ ખાણી-પીણીની દુકાનો છે તથા સામેની તરફ ખાણી-પીણીની લારીઓ ઉભી રહે છે. જેના કારણે આ ગંદકીમાં ઉત્પન્ન થતાં માખી-મચ્છરથી જાહેર આરોગ્ય સામે જોખમ ઉભું થઈ રહ્યું છે. બેંકિંગ સમય દરમ્યાન અહીં ભારે ભીડનો માહોલ હોય છે તેમજ આ ગંદકી પાસેથી જ પાટનગર યોજના ભવનના ઈલેક્ટ્રિકલ વિભાગ તેમજ વન વિભાગની કચેરીઓમાં જવાની સીડીવાળો રસ્તો છે જેથી તેના કર્મચારીઓ અને મુલાકાતીઓને પણ ભારે તકલીફ પડી રહી છે. સત્વરે આ ગટરને સાફ કરીને તેની ઉભરાવાની સમસ્યાનું યોગ્ય કાયમી સમાધાન કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.




### ઉભરાતી ગટર પાસેનું શૌચાલય પણ ગંદકીનું ઘર..!!



પાટનગર યોજના ભવનના જે ભાગે ગટર ઉભરાઈ રહી છે ત્યાંથી વન વિભાગની અને ઈલેક્ટ્રિકલ વિભાગની કચેરીઓમાં જવાની સીડી છે. આ સીડીના નીચેના ભાગે ટોયલેટ બનાવાયું છે જેની સફાઈમાં પણ ગંભીર બેદરકારીના કારણે તે ગંદકીથી ખદબદી રહ્યું છે. આ બિલ્ડીંગમાં મુલાકાતીઓની સતત અવરજવર રહે છે જેઓ આ શૌચાલયનો લઘુશંકા માટે પણ ઉપયોગ કરી શકતા નથી તો ગુરૂશંકા હોય તો તેનું સમાધાન કેવી રીતે કરે ? પ્રજાના પૈસે વિકાસાવાયેલી જાહેર સંપત્તિનો તંત્રની બેદરકારીના કારણે પ્રજા ઉપયોગ કરી શકતી નથી જે માટે ખરેખર તો જવાબદાર અધિકારી-કર્મચારીઓને દંડ કેમ ના કરી શકાય ?

## ખૂણેખાંચરેથી

- આત્મનિર્ભર યાત્રાના આયોજનને આખરી ઓપ આપવા આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક
- તકેદારી આયોગ દ્વારા આજે જિલ્લાની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરમાં વિધાનસભા અને જુના સચિવાલયના રેલવે રિઝર્વેશન કાઉન્ટર પર સર્વર ડાઉન હોવાને કારણે એક સપ્તાહથી કામગીરી થતી નથી.
- ગાંધીનગર શહેરમાં સારથી રાયફલ એકેડમીના સહયોગથી મહિલાઓ માટે નિઃશુલ્ક રાયફલ શુટીંગ શિબિરનું આયોજન ૨૦-૨૧ નવે.ના રોજ કરાયું છે.
- રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી મહિને દુબઈના પ્રવાસે જશે.
- વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ વેગીલી બની છે.
- રાજયના માર્ગ-મકાન વિભાગમાં નીતિ-આયોજનના મુખ્ય ઈજનેર જે.એન. ગાંધીની બદલી થતાં તેમની જગ્યાનો ચાર્જ અધિક સચિવ કે.એમ. પટેલને સોંપવાના હુકમો કરાયા છે.
- ગાંધીનગર મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે અધિકારીઓ સાથે સાપ્તાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.

# સિવિલ કેમ્પસમાં ૧૯૬ સીસીટીવી કેમેરા લગાવાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૧૯૬ સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવશે. હાલ સિવિલ કેમ્પસમાં ૭૬ સીસીટીવી કેમેરા કાર્યરત છે. કેમ્પસમાં કેમેરા ન હોવાથી અસામાજીક પ્રવૃતિઓ ફુલી ફાલી હતી. જયારે સિવિલમાં કેમેરા ન હોવાથી વાહનચોર માટે કેમ્પસ હોટ ફેવરીટ હતું. તો બીજીતરફ ચોર શખ્સોને પકડવા માટે કેમેરા ન હોવાથી પોલીસને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. જયારે સિવિલ હોસ્પિટલ પાર્કિંગમાં અસામાજીક પ્રવૃતિઓ સામે નજર રહે તે માટે પાર્કિંગ એરીયામાં પણ નવી લાઈટો નાંખવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ પર હવે સતત ત્રીજી આંખની નજર રહેશે. કેમ્પસના તમામ સ્થળને આવરી લેવામાં આવે તે રીતે સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવશે. સિવિલમાં ૭૨ કેમેરા ઈન્ડોર ફીટ કરવામાં આવશે. જેમાં ઓપીડી બિલ્ડીંગ, ઈન્ડોર બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ, કેસ-દવાબારી સહિત જુની બિલ્ડીંગનો સમાવેશ કરાયો છે. જયારે બાકીના કેમેરા કેમ્પસની બહારની સાઈડ ફીટ કરાશે. સિવિલ કેમ્પસમાં કારમાં દારુનુ વેચાણ, બાળક ગુમ, કોરોના દર્દીઓ ભાગી જવાની ઘટના અને વાહનચોરી સહિતની ઘટનાઓ પછી કેમેરા લગાવવાનો નિર્ણય લેવાયો છે.



આદિવાસી સમાજના મસીહા બિરસા મુંડાજીની જન્મજયંતિ અન્વયે ગાંધીનગર મહાનગર આદિજાતિ મોરચાના પ્રમુખ આરતી બેન અને આદિજાતિ મોરચા દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બાળકોને ૧૦૦૦ પેકેટ બિસ્કીટ તેમજ માસ્ક વિતરણ કર્યા હતા.

# ઉદેપુરના યુવકને પણ હિનાએ મોહજાળમાં લપેટી રૂપીયા પડાવ્યા

ગાંધીનગર, તા.૧૫

અમદાવાદના વેપારીને વાવોલ ખાતે ઘરમાં પુરી રાખીને રૂ.૫ લાખની ખંડણી માંગનાર મુખ્ય સુત્રધાર અરવિંદસિંહ ગંભીરસિંહ રાવ ફેસબુક પર ખુશ્બુ નામની યુવતિનુ ફેક આઈડી બનાવી હિનાને પ્રેમજાળમાં લપેટી હતી. ત્યારબાદ આ બંન્નેએ ઉદેપુરના યુવકને હિનાની મોહમાયામાં ફસાવી ગાંધીનગર બોલાવ્યો હતો. ગાંધીનગર આવેલા ઉદેપુરના યુવકને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૩૦ થી ૪૦ હજાર પડાવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે બીજીતરફ પોલીસે રિમાન્ડ દરમિયન અરવિંદ રાવ પાસેથી ખાખી વર્દીનો ડ્રેસ મળી આવ્યો છે.

હનીટ્રેપ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર અરવિંદસિંહ રાવે વાવોલ ખાતેનું ઘર અઢી માસ પહેલા જ ભાડે રાખ્યું હતું. જયારે મકાન માલિકને પોતે યુ ટયુબર છે અને યુ ટયુબ પર વિડીયો બનાવે છે. જયારે હિનાના ફેસબુક આઈડી પર ખુશ્બુ નામની છોકરીની ફ્રેન્ડ રીકવેસ્ટ આવતા તેણે સ્વીકારી હતી. ખુશ્બુએ હિનાને હું યુ ટયુબ પર કામ કરુ છુ અને રૂપીયા કમાઉ છુ. જો તારે પણ રૂપીયા કમાવવા હોય તો હું નંબર આપુ તે વ્યકિતનો સંપર્ક કરજે.જયારે ખુશ્બુ બની અરવિંદ સિંહ જ હિના સાથે વાત કરતો હતો. વાતચીત બાદ બંન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો.ત્યારે શોર્ટકટમાં રૂપીયા કમાઈને પૈસાદાર બનવા માટે હિના થકી ઉદેપુરના યુવકને હનીટ્રેપ થકી ફસાવી ગાંધીનગર બોલાવી અનો બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા ૩૦ થી ૪૦ હજાર રૂપીયા યુવકે ગુગલ પે મારફતે આપી દીધા હતા. ત્યારબાદ હિનાએ મહેન્દ્રસિંહને મોહજાળમાં ફસાવી કાવતરાને અંજામ આપ્યો હતો. પરંતુ પોલીસ ફરીયાદ થતા સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું.



ઘ-૪ ના સર્કલને દૂર કરી અહીં અન્ડરપાસ બનાવ્યો છે. આ અન્ડરપાસ બનાવાયો ત્યારથી જ તે સતત વિવાદમાં રહ્યો છે. સ્વર્ણિમ પાર્કને મનોહર બનાવવા માટે બનાવાયેલા આ અન્ડરપાસની કાળજી રાખવામાં તંત્ર ઉણું ઉતરી રહ્યું છે. ક્યારેક અહીંનો માર્ગ ઉબડખાબડ બને છે તો ક્યારેક અહીં પાણી ભરાય છે. અન્ડરપાસની આસપાસ ઉછેરવામાં આવેલા છોડવાની કાળજી પણ લેવાતી નથી. કાળજીના અભાવે છોડવાઓ સુકાઈ રહ્યા છે.

# ગાંધીનગર હોમિયોપેથીક એસો.નો સ્નેહમિલન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૧૫

દિવાળી બાદ નૂતન વર્ષે શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજવાની મૌસમ પાટનગરમાં જામી છે. શહેરના હોમિયોપેથીક તબીબોના સંગઠન ×ગાંધીનગર હોમિયોપેથીક એસોસિયેશન× દ્વારા તા. ૧૪મી નવેમ્બરે દિવાળી સ્નેહમિલન સમારંભની ઉજવણી કરવામાં આવી હતી જેમાં આશરે ૧૫૦ જેટલાં તબીબો તેમના પરિવાર સાથે ઉત્સાહભેર જોડાયાં હતા. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર ખાતે એક રેસ્ટોરન્ટમાં યોજાયેલ આ સમારંભમાં વિવિધ પારિવારિક સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ×બાળ દિન× નિમિત્તે બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે બાળકો અને મહિલાઓએ સંગીત ખુરશી જેવી મનોરંજક રમતોનો પણ આનંદ માણ્યો હતો. સ્પર્ધા અને રમતોના વિજેતાઓને ઈનામો આપી પ્રોતસાહિત કરવામાં આવ્યાં હતા. કોરોના કાળના આશરે ૨ વર્ષ જેટલાં લાંબા અંતરાય બાદ મળેલા પરિવારોએ મનભરીને આનંદ માણવા સાથે કાર્યક્રમના સમાપને સૌએ સમુહભોજનની પણ લિજ્જત ઉઠાવી હતી.



ભારતના આદિવાસી મહાનાયક બિરસા મુંડાની ૧૪૬મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર સ્થિત આદિવાસી સમુદાય દ્વારા શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટના નેજા હેઠળ સમાજના સમગ્ર આદિવાસી સમુદાયના આગેવાનોની ઉપસ્થિતિમાં બિરસા મુંડા ભવનના પ્રવેશ દ્વારે સ્થાપિત ધરતી આંબા બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાર્પણ કરી અભિવાદન પ્રસ્તુત કર્યુ હતું તેમજ તેમના સ્વપ્રિલ સમાજના નિર્માણની દિશામાં સંકલબદ્ધ રહેવા યુવા શક્તિને અનુરોધ કરવામાં આવ્યો હતો.

# અમીયાપુર નેમેશ્વર પાર્કમાં ફેશન ડીઝાઈનરના ઘરમાંથી ૧.૮૦ લાખની ચોરી

**બેડરૂમમાં રહેલી લોખંડની તિજોરી તોડી અંદર મુકેલા સોનાના દાગીના લઈ ગયા, દિવાળની રજાઓમાં પરિવાર ફરવા ગયો હતો અને તસ્કરો ત્રાટક્યા**

ગાંધીનગર, તા.૧૫

અમિયાપુર નેમેશ્વર પાર્કમાં ફેશન ડિઝાઈનરના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. દિવાળીના રજાઓમાં પરિવાર આદામાન નિકોબાર ફરવા ગયો હતો અને તસ્કરો ઘરમાં ખાતર પાડી ગયા હતા. ઘરના દરવાજાનું નકુચો તોડી અંદર પ્રવેશી બેડરૂમમાં મુકેલી લોખંડની તિજોરીમાંથી રૂ.૧.૮૦ લાખના સોનાના દાગીના તેમજ રોકડ રકમની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગર અમીયાપુર નેમેશ્વર પાર્ક મકાન નં.બી.૩૨૨હેતા ૪૪ વર્ષિય ફેશન ડિઝાઈનર રાજેશ સુરેન્દ્રપ્રસાદ ગુપ્તા છેલ્લા ૭ વર્ષથી પરિવાર સાથે રહે છે. જયારે રાજેશ ગુપ્તાના પત્ની ગાંધીનગર એનઆઈએફટી ખાતે ફરજ બજાવે છે. ગત જુલાઈ માસથી તેઓ ઘરે બેસીને જીન્સ પેન્ટની ફેશન ડિઝાઈન ઘરે બેઠા ઓનલાઈન કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧-૧૧-૨૧ ના સાંજના ૬ વાગે તેઓ પરિવાર સાથે દિવાળીની રજા હોવાથી ઘર બંધ કરીને અદામાન નિકોબાર પ્રવાસે ગયા હતા. જયારે મકાનના તમામ દરવાજા બંધ કરી લોક મારીને ગયા હતા.રાજેશ ગુપ્તા ગતરોજ સાંજના સુમારે ઘરે પરત ફર્યા હતા. ત્યારે તેઓએ જોયુ તો ઘરનો મુખ્ય દરવાજો આડો કરેલો હતો અને દરવાજાનું લોક તુટેલુ હતું. જેથી અંદર જઈને તપાસ કરતા બેડરૂમનો દરવાજો પણ ખુલ્લો હતો અને લોક પણ તુટેલુ હતું. જયારે રૂમમાં બનાવેલા લાકડાના કબાટના દરવાજા પણ ખુલ્લા હતા. જયારે કબાટમાં રહેલી તમામ ચીજવસ્તુઓ અસ્ત વ્યસ્ત પડી હતી. બેડરૂમમાં રહેલી લોખંડની તિજોરી ડબલબેડના પલંગ પર પડેલી હતી અને તેના બંન્ને દરવાજા ખુલ્લા હતા. જયારે તેમા રહેલી ચીજવસ્તુઓ પણ વેરણ-છેરણ પડી હતી. તિજોરીમાં રહેલા લોકર પણ તુટેલા હતા. જેમાં સોનાનુ મંગળસુત્ર, સોનાની ચેઈન નંગ-૨, સોનાની બંગડી નંગ-૪ સોનાની વીટીં નંગ-૪ તેમજ બુટ્ટી પાંચ જોડી મળી કુલ રૂ.૧.૮૦ લાખની મત્તાની ચોરી થવા પામી છે. જયારે લાલ પાકીટમાં રહેલી વિવિધ દેશની ચલણી નોટો પણ ચોર શખ્સો ચોરી કરી પલાયન થઈ ગયા છે.

### ચોરને પણ મોંઘવારી નડી...! મગોડી આંગણવાડીમાંથી તેલના ડબ્બા-સિલિન્ડર ઉઠાવી ગયા

મોંઘવારી કુદકે ને ભુસકે વધતી જોવા મળે છે. મોંઘવારીમાં મધ્યમ વર્ગના નાગરીકો પીસાઈ રહ્યા છે. મોંઘવારીનો માર સહન કરીને પણ નાગરીકો દિવસો પસાર કરી રહ્યા છે. પેટ્રોલ, ડિઝલ, સીએનજી, રાંધણગેસ, તેલ, શાકભાજી સહિતની ચીજવસ્તુઓના ભાવ પડ્યા પર પાટુ સમાન છે. તેમ છતા મોંઘવારી મુદ્દે કોઈ કંઈ બોલવા તૈયાર નથી. ત્યારે મોંઘવારી હવે ચોર શખ્સોને નડતી હોય તેમ લાગી રહ્યું છે. અત્યાર સુધી ચોર શખ્સો સોના-ચાંદીના દાગીના અને રોકડ તો ઉઠાવી જતા હતા. હવે મોંઘવારી વધતા તેલના ડબા અને ગેસ સિલિન્ડર પણ ચોરી કરી લઈ જાય છે. ત્યારે ચિલોડા નજીગ મગોડી આંગણવાડીમાં તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરો ત્રણ તેલના ડબા અને બે ગેસ સિલિન્ડર ચોરી કરી ફરાર થઈ ગયા છે. ત્યારે આંગણવાડી બહેન નિશાબેન પરમારે ચિલોડા પોલીસ મથકે તેલના ડબા અને ગેસ સિલિન્ડર મળી કુલ રૂ.૧૨,૧૦૦ ની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.



મણીનગર સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનને શાકભાજીનો મનોરથ કરવામાં આવ્યો હતો.


## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

'ગુજરાત સરકારનું સાહસ'

**જાહેર નિવિદા નંબર-૧૨ સને.૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઇજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ જલ ભવન, સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ,મોતીપુરા, હિંમતનગર મોબાઇલ નં.૯૯૭૮૪૦૬૯૪૩ દ્વારા નીચેના કામ માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ ન | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાકટ માટેની પાત્રતા | ટેન્ડર આઇડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા |
|---|---|---|---|---|---|
| ૧ | જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત તલોદ અને પ્રાંતીજ તાલુકાના ગામો માટે એસકે-૧ સુધારણા જુથ પા.પુ. યોજનામાં સમાવિષ્ટ યોજનાકીય કામગીરી | ૧૬૦૯.૮૫ | "એએ" કલાસ અને ઉપરના | ૪૯૧૨૪૪ | ૧૦.૧૨.૨૧ |
| ૨ | જલજીવન મિશન કાર્યક્રમ અંતર્ગત હિંમતનગર તાલુકાના ગામો માટે એસકે-૧ સુધારણા જુથ પા. પુ. યોજનામાં સમાવિષ્ટ યોજનાકીય કામગીરી | ૨૧૩૭.૪૪ | "એએ" કલાસ અને ઉપરના | ૪૯૧૨૪૨ | ૧૦.૧૨.૨૧ |
| ૩ | જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત મહિયલ, ફતેપુર અને આમોદરા હેડવર્કસ આધારીત એસકે-૧ સુધારણા જુથ પા.પુ. યોજનામાં સમાવિષ્ટ યોજનાકીય કામગીરી તથા કામ પુર્ણ થયા બાદ પાંચ વર્ષ માટે મરામત અને નિભાવણીની કામગીરી | ૩૨૯૧.૧૩ | "એએ" કલાસ અને ઉપરના | ૪૯૧૨૪૧ | ૧૦.૧૨.૨૧ |

એક અથવા તમામ ટેન્ડરો કોઇ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધીત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતિ વેબ www.gwssb.nprocure.com. તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામા પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઇપણ સુધારો હશે તે ફક્ત વેબસાઇટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૪૨૨/૨૦૨૧


# રાજ્યમાં આવતીકાલથી વરસાદની આગાહી

**રાજ્યના હવામાનમાં ફરી એકવાર પલટો આવશે : ૧૭, ૧૮ અને ૧૯ નવેમ્બરે રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડી શકે છે : હવામાન વિભાગની આગાહી**

અમદાવાદ, તા. ૧૫

ગુજરાતમાં ચોમાસું હવે બારેમાસ બની ગયુ છે, કોઈ પણ મહિનો કે મોસમ કેમ ન હોય, વરસાદ આવી પડે છે. ત્યારે ભરશિયાળે ગુજરાતનું હવામાન ફરી એકવાર પલટાવા જઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં બે દિવસ બાદ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના અનુસાર, અરેબિયન સમુદ્રમાં લો પ્રેશર સર્જાતા ગુજરાતમાં બે દિવસ વરસાદ ની શક્યતા છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ કહ્યું કે, ૧૭, ૧૮ અને ૧૯ નવેમ્બરે રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડી શકે છે. દરિયાઈ વિસ્તાર સહિત સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે. એટલે કે, મધ્ય ગુજરાત અને કચ્છ સિવાય ગુજરાતભરમાં વરસાદ (દ્વહર્જહ) દસ્તક આપી શકે છે. ૧૭ નવેમ્બરે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદની શક્યતા. ભાવનગર, અમરેલીમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી. ૧૮-૧૯ નવે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર સિવાય ઉત્તર ગુજરાતમાં વરસાદની શક્યતા.